R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

(મો).૯૮૨૫૧૬૯૩૮૯

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com

email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ? હા( ) ના( )

If undelivered pl.return to

સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

ESTD.YEAR- 23•ISSUE: 16 DATE: 20-04-2019•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

## અમેરિકામાં ગેરકાયદેસર ઘુસણખોરી કરનારા ઘુસણખોરોને સેન્ચુરી સીટીઝ માં મોકલવા માટે ટ્રમ્પની ગંભીરતાપુર્વકની વિચારણા

અમેરિકામાં રહેવા જવા માટે યેનકેન પ્રકારની ગેરકાયદેસર રીતો અજમાવીને ઘુસણખોરી કરતાં પકડાનાર શરણાર્થીઓ અને ઘુસણખોરો સામે કેવા પગલાં લેવા તે માટે ટ્રમ્પ ગંભીરતાથી વિચારી રહ્યા છે.એનો સીધો અર્થ એ થાય છે કે તેમણે આ બાબતે તેમનું મન મનાવી લીધું છે. અમેરિકન પ્રેસિડેન્ટ ટ્રમ્પે જણાવ્યુ હતું કે ધરપકડ કરાયેલા શરણાર્થીઓને સ્વઘોષિત ‘સેન્ચુરી સીટીઝ’(શરણ સ્થળ) પર મોકલવા માટે ગંભીરતાપુર્વક વિચારણા કરી રહ્યા છે. સેન્ચુરી સીટીઝ એવા શહેરો છે જ્યાંના સ્થાનિક વહીવટી તંત્રએ ટ્રમ્પની કડક ઈમીગ્રેશન નીતીઓનો વિરોધ કર્યો છે.અને ગરકાયદેસરના શરણાર્થીઓના પ્રત્યાર્પણ કરવાનો ઈન્કાર કરી દીધો છે.આ શહેરો ડેમોકેટ્રસના પ્રતિનિધિત્વ હેઠળના છે.ટ્રમ્પે ટ્વીટર પર આ બાબતે જાહેરાત કરી હતી. જોકે તે વ્હાઈટ હાઉસની આ પ્રકારની યોજનાને બંધ કરવાની વાતથી બિલકુલ વિપરિત છે.ટ્રમ્પના આ પ્રકારના વિચારની ચોમેર ટીકા કરવામાં આવતી હતી અને જે શહેરોમાં વિપક્ષ ડેમોક્રેટ્સ છે તેમની સાથે બદલાના ભાવથી આ યોજના તૈયાર કરાતી હોવાનું કહેવાતું હતું.ટ્રમ્પે જણાવ્યુ હતું કે ડેમોક્રેટ્સ આપણા ખતરનાક ઈમીગ્રેશન કાયદામાં બદલાવ માટે તૈયાર નથી.જેથી અમે ખરેખર આ તમામ ગેરકાયદે વસવાટ કરનારાઓને સેન્ચુરી સીટીઝમાં મોકલવાનું વિચારી રહ્યા છીએ.

જો કે ઈમીગ્રેશના કાયદામાં બદલાવ નહી ઈચ્છતા ડેમોક્રેટસ માટે આ ટ્રમ્પની નીતિને કારણે ડેમોક્રેટસની સ્થિતિ સુડી વચ્ચે સુપારી જેવી બનશે.ગેરકાયદેસરના વસાહતીઓ માટેના દ્વાર બંધ થશેજ

## ૨૦૧૬માં સર્જીકલ સ્ટ્રાઇકની આગેવાની કરનાર લેફ્ટ.જનરલ(નિવૃત)ડી.એસ હુડ્ડાએ કહ્યુ કે સેના આઝાદી પછી સ્વતંત્ર જ છે તેના હાથ ક્યારેય બંધાયેલા નહોતા

૨૦૧૬માં સર્જીકલ સ્ટ્રાઈકની આગેવાની કરનાર લેફ્ટ.જનરલ(નિવૃત) ડી.એસ.હુડ્ડાએ ગોવા ફેસ્ટ ખાતેના એક વાર્ષિક કાર્યક્રમમાં જણાવ્યુ હતું કે સેનાના હાથ ક્યારેય બંધાયેલા નહોતા.સેનાને ખુલ્લી છુટ આપવાની ઘણી વાતો થઈ છે. પરંતુ ૧૯૪૭થી સેના સરહદે સ્વતંત્ર છે. તેણે ત્રણ-ચાર યુધ્ધો લડ્યા છે. તેમણે કહ્યુ કે નિયંત્રણ રેખા એક ખતરનાક સ્થળ છે કેમકે જેમ મે કહ્યુ કે તમારી પર ગોળીબાર કરવામાં આવી રહ્યો હોય છે અને જમીન પર સૈનિક તેનો તરત જ જવાબ આપશે. તેઓ(સૈનિક)મને પુછશે પણ નહીં, કોઈ મંજુરી લેવાનો પ્રશ્ન જ નહી. સેનાને ખુલ્લી છુટનો વિકલ્પ મળી ગયો છે.અને આ તમામ એક સાથે બન્યું છે કોઈ વિકલ્પ નથી.

હુડ્ડાએ સપ્ટે.૨૦૧૬માં ઉરી આતંકી હુમલા બાદ સરહદ પર સર્જીકલ સ્ટ્રાઈકના વખતે સેનાના ઉત્તરી કમાંડની આગેવાની કરી હતી.ડી.એસ હુડ્ડાએ સૈન્ય અભિયાનો પર પુરાવા માંગનારા નિવેદનોની ટીકા કરી હતી.તેમણે કહ્યુ હતું કે તમે તમારા વરિષ્ઠ અધિકારીઓ પર ભરોસો રાખો.જ્યારે સૈન્યના અધિકારીઓ સર્જીકલ સ્ટ્રાઈક થયાનું કહેતા હોય તો તેમાં શંકાને કોઈ સ્થાન નથી.તેમણે કહ્યુ હતું કે સશત્ર દળોએ કોઈપણ સરકાર વખતે કોઈપણ પ્રકારની રાજકીય દરમિયાનગીરી જોઈ નથી.

## છેલ્લા ૧૦ વર્ષમાં સરકારી બેન્કોએ સાત લાખ કરોડ રુપીયા માંડવાળ કર્યાઃ રીઝર્વ બેન્કના આંકડા

સરકાર એક તરફ રુપીયા લઈને ભાગી જનારને ભાગેડુ જાહેર કરે છે અને બીજી બાજુ ડુબતી કંપનીઓને બચાવવા માટે અબજો રુપીયાનું આંધણ કરે છે.સરકારી બેન્કોએ પાછલા દસ વર્ષમાં સાત લાખ કરોડ રુપીયા માંડવાડ કર્યા છે.જેને તેઓ રાઈટઓફ કર્યાનું કહે છે.ડિસેમ્બર ૨૦૧૮ સુધીના સમયમાં પુરા થયેલા ત્રિમાસિક ગાળા સુધીમાં બેકોએ લગભગ રુપીયા ૧,૫૬,૭૦૨ કરોડની બેડ લોનને રાઈટ ઓફની શ્રેણીમાં નાંખી દીધી છે.આ રીતે છેલ્લા ૧૦ વર્ષમાં બેન્કોએ લગભગ સાત લાખ કરોડની બેડ લોનને માંડવાડ કરી દીધી છે.રિઝર્વ બેન્કના છેલ્લા આંકડાઓમાંથી આ ખુલાસો થયો છે. સાદા શબ્દોમાં કહીએ તો માંડવાડ થયેલી લોનનો અર્થ એવો જ કરી શકાય કે જે પાછી બેન્કમાં આવવાની નથી. અને બેન્કોએ તેમના સરવૈયામાંથી તેને હટાવી દીધી છે.રિઝર્વ બેન્કના આંકડાઓમાંથી એવું ફલિત થાય છે કે છેલ્લા ૧૦ વર્ષમાં રાઈટ ઓફ કરાયેલી મોટાભાગની લોનનો ૮૦ ટકા હિસ્સો છેલ્લા પાંચ વર્ષમાં એટલે કે એપ્રિલ ૨૦૧૪ બાદ માંડવાડ કરવામાં આવ્યો છે.

૨૦૧૪થી કેન્દ્રમાં મોદી સરકાર આવી તે પછી રુપીયા ૫,૫૫,૬૦૩ કરોડની બેડ લોનની રકમ ઓછી દેખાડવા માટે બેન્કોએ ૨૦૧૬-૧૭માં રુપીયા ૧,૦૮,૩૭૪ કરોડ અને ૨૦૧૭-૧૮માં રુ.૧,૬૧,૩૨૮ કરોડની લોન રાઈટ ઓફ કરી નાંખી છે.૨૦૧૮-૧૯ના શરુઆતના ૬ મહિનામાં રુપીયા ૮૨,૭૯૯ કરોડની રકમ રાઈટ ઓફ કરી દેવાઈ છે.ઓક્ટો.થી ડિસે.ના ૨૦૧૮ના ત્રિમાસિક ગાળામાં રુપીયા ૬૪,૦૦૦કરોડની રકમ રાઈટ ઓફ કરવામાં આવેલી છે.બેન્કીંગ સુત્રોના જણાવ્યા પ્રમાણે વ્યક્તિ વિશેષના મામલામાં લોન લેનાર લોકો અને માંડવાડ કરાયેલી લોનની રકમ અંગે વધુ માહીતી નથી.

## મહિલાઓના મંદિર પ્રવેશ બાદ હવે મસ્જીદમાં પ્રવેશના મામલે અરજીઃ સ્ત્રીઓને મસ્જીદમાં પ્રવેશ બાબતે સુપ્રીમની કેન્દ્ર,મહિલા પંચ અને લો બોર્ડને નોટીસ

મસ્જીદોમાં મહિલાઓને પ્રવેશ અને નમાજ અદા કરવાની પરવાનગીની માંગ કરતી એક અરજી પુણે સ્થિત દંપતિએ કરતાં તેનો સુપ્રીમ કોર્ટે સ્વીકાર કર્યો છે.સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર,રાષ્ટ્રીય મહિલા પંચ,વક્ફ કાઉન્સીલ ઓફ ઈન્ડીયા લો બોર્ડને નોટીસ જારી કરી છે.પુણેના રહેવાસી એવા યાસ્મીન પીરઝાદે તેમની અરજીમાં જણાવ્યુ હતું કે કુરાન અને હદીસમાં ક્યાંય ઉલ્લેખ નથી કે મહિલાને મસ્જીદમાં પ્રવેશ ન અપાય.

સુપ્રીમ કોર્ટે અરજકર્તાઓના વકીલો સાથે ઘણી બાબતોમાં નારાજ જણાઈ હતી. સુપ્રીમ કોર્ટે તેમને કહ્યુ હતું કે અમે ફક્ત સબરીમાલા કેસને કારણે તમારી અરજી પર વિચારણા કરવા તૈયાર થયા છીએ. અદાલતે અરજકર્તા દંપતીને સવાલ કર્યો હતો કે શું તમને મસ્જીદમાં પ્રવેશતાં કે નમાજ અદા કરતાં કોઈએ અટકાવ્યા છે ? સુપ્રીમ કોર્ટે અરજકર્તા દંપતીને સવાલ કર્યા હતા કે સું તમે કોઈ અન્ય માનવી માટે પણ સમાન વ્યવહારની માંગ કરી શકો છો ? શું તમારી માંગ વ્યક્તિગત હિતો માટે છે ? શું તમે અન્ય કોઈ નાગરિકની સ્વતંત્રતા છીનવી શકો છો ? અમે જાણીએ છીએ કે સરકાર તેમ કરી શકતી નથી. સરકાર કોઈને સમાનતાના અધિકારનો ઈન્કાર કરી શકે નહીં. શું ચર્ચ અથવા મસ્જીદ સરકાર છે જો કોઈ તમને તેના ઘરમાં પ્રવેશ આપવા નથી ઈચ્છતો તો શું તમે પોલીસ બોલાવશો ?

જો કે સુપ્રીમ કોર્ટના આદેશ બાદ સબરીમાલા મંદિરમાં મહિલાઓના પ્રવેશના મુદ્દે ઘણી બધી મુશ્કેલ પરિસ્થિતિઓ આવી છે અને હજુ સુધી આદેશનું પુરેપુરુ પાલન થયું નથી.

## તામિલનાડુની વેલ્લોર સીટની ચુંટણી રદ કરવાનો ચુંટણી પંચનો આદેશ

તામિલનાડુની વેલ્લોર લોકસભા સીટ પરની ચુંટણી રદ કરવામાં આવી છે.અહી ડીએમકેના ઉમેદવાર અને તેના પરિવાર દ્વારા મતદારોને રીઝવવા માટે તેમજ મત મેળવવા માટે પૈસાની છુટા હાથે લ્હાણી કરવામાં આવી હોવાના અહેવાલો પછી આ ચુંટણી રદ કરવામાં આવી છે. વેલ્લોરમાં ૧૮મી એપ્રિલે મતદાન થવાનું હતું. તામિલનાડું ચુંટણી પંચને નાણાંકીય લેતીદેતીની જાણકારી મળતાં ચુંટણી રદ કરવા માટે રાષ્ટ્રપતિની સલાહ માંગીહતી.પંચે રાષ્ટ્રપતિ સમક્ષ તેની રજુઆતમાં જણાવ્યુ હતું કે ડીએમકેની ઓફીસમાંથી પૈસાની છુટા હાથે લ્હાણી કરવામાં આવી છે. અને આઈટીના દરોડામાં બેનામી રોકડ ઝડપાઈ છે.રાષ્ટ્રપતિએ કાનુની સલાહ માટે આ દરખાસ્તને કાયદા મંત્રાલયને મોકલી આપી હતી. કાયદા મંત્રાલયે ચુંટણી રદ કરી શકાય તેવો અભિપ્રાય આપ્યો પછી રાષ્ટ્રપતિએ વેલ્લોરની ચુંટણી રદ કરતું નોટીફિકેશન બહાર પાડ્યું હતું.

ડીએમકેના નેતા દુરાઈમુરુગનના હતા પરંતુ તેમણે આ દરોડાને રાજકીય ઈરાદાપુર્વકના ગણાવ્યા હતા.તામિલનાડુંના ચુંટણીપંચ દ્વારા અગાઉ ૨૦૧૭માં ડો.રાધાકૃષ્ણનગરમાં વિધાનસભાની ચુંટણી વખતે બે સીટ પર પૈસાની વહેચણીનો મામલો પ્રકાશમાં આવતાં ચુંટણી રદ કરવામાં આવી હતી.૨૦૧૬માં થાંજાવુર અને અર્વાકુરિચી વિધાનસભાની ચુંટણી રદ કરાઈ હતી.લોકસભાની ચુંટણીનું નોટિફિકેશન રાષ્ટ્રપતિ દ્વારા જાહેર કરવામાં આવતું હોવાથી ચુંટણી રદ કરવાનો પણ તેમને અધિકાર છે.

જો કે ચુંટણીઓમાં પૈસાની લેતીદેતી અને અનેક ગેરરીતીઓ અજમાવાય છે તે સત્ય છે.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

**http://jagadishchristian.com**

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

આખરે સુપ્રીમ કોર્ટના આદેશ બાદ ચુંટણી પંચ જાગ્યું અને કેટલાક પગલાં લીધા પરંતુ તે પણ એટલા બધા અસરકારક નથી કે જેથી બધા જ પક્ષો અને તેના ઉમેદવારો ડરી જાય.ચુંટણી કમિશ્નર તરીકે ટી.એન.શેષાને જે બીક ઉભી કરી હતી તેવો ભય હજુ સુધી કોઇ ઉભો કરી શક્યું નથી. એમ કહેવાતું ચુંટણી પંચ નહોર વિનાનો વાઘ છે. પરંતુ જ્યાં સુધી તે સત્તાધારી પક્ષની સામે પુછડી પટપટાવતું રહેશે ત્યાં સુધી ચુંટણી પંચ નહોર વિનાનો વાઘ જ સાબિત થશે. કેટલાક પગલાં અસરકારક છે પરંતુ કેટલાકમાં સત્તાધારી પક્ષની ભારોભાર તરફેણ કરવામાં આવી રહી છે.ચુંટણી પંચ કાયદાનો દાવો કરીને રાષ્ટ્રપતિને પુછે અને રાષ્ટ્રપતિ કાયદા મંત્રાલયને પુછે અને પછી જે નિર્ણય આવે તે મામાના ઘેર જમણવાર, ભાણીયા જમનારા અને માં પીરસનારી જેવો ખેલ થાય છે. પરિણામે એવું સરવાળે દેખાય છે કે આખરે કુંડળીમાં ગોળ ભંગાયો. બધું ઠેરના ઠેર પડી રહે માત્ર મીડીયામાં થોડોક હોબાળો થયો અને બધું શાંત પાડી દીધું. ખરેખર ચુંટણીપંચે ઇવીએમ મશીનમાં જે હાલમાં તકલીફો પડી રહી છે તેને યોગ્ય કરવાની જરુરીયાત છે. નહિતર ચુંટણીમાં ચુંટણીપંચ અને સત્તાધારી પક્ષ બેઉની જવાબદારીમાં ખોટ દેખાતી રહેશે.નિષ્પક્ષ અને લોકશાહી રીતે થતી ચુંટણી દાગ રહિત હોવી જરુરી છે.

એકબીજા પર થતાં દોષારોપણો સત્તાના દુરપયોગો વિગેરે કોઇપણ રીતે યોગ્ય નથી.ક્યાથી આવ્યા તે જાણવા કરતાં તમારી યોગ્યતા સાબિત કરવાની જરુરીયાત છે.આ દેશ ગરીબોનો દેશ છે અને દેશની અડધીથી વધારે વસ્તી પોતાની જરુરીયાતો માટે રઝળતી રહી છે.તેથી કોઇની જાતિ કે કર્મને નિચોવ્યા વગર દેશના વિકાસ અને લોકોની જરુરીયાતોને મદદરુપ થાય તેવા નેતાઓની જરુરીયાત છે જે મતદારોએ પુરી પાડવાની છે.કોંગ્રેસે ૭૦ વર્ષમાં જે નથી કર્યુ તે ભાજપે છેલ્લા પાંચ વર્ષમાં કર્યુ છે.ખરા ખોટાના હિસાબો માટે હવે એકબીજાને દોષિત ઠેરવવા માટેનો સમય જતો રહ્યો છે. નવી પેઢીને તેમના વિકાસ માટે કામ કરે તેવા લોકોની ,એવા નેતાઓની જરુરીયાત છે. દેશ માટે નવા પરિમાણો લાવી શકે તેને જ આ દેશની ધુરા સોપી શકાય.

મંદિર,મસ્જીદ, ગાય કે અનામતો જેવા અનેક મુદ્દાઓ દેશના મતદારોએ જોયા છે.ભુતકાળમાં ભુલો થઇ હશે તો વર્તમાન કાળમાં સુવર્ણયુગ સ્થપાયો નથી તેમાં પણ અનેક ભુલો થઇ છે.ભુતકાળના ભવ્ય ઇતિહાસમાં થઇ ગયેલા રાજકારણીઓના જેવા હાલમાં કોઇ એ સ્તરે પહોચી શકે તેમ નથી.ભલે તમે તેમના પેંગડામાં પગ નાંખવાનો પ્રયત્ન કરો પરંતુ તે સિધ્ધિ તમને વરી શકશે નહી.માન.સ્વ. અટલ બિહારી બાજપાઇ જ્યારે વિપક્ષમાં હતા ત્યારે માઇલો ચાલીને તેમની સભામાં માત્ર તેમને સાંભળવા લોકો આવતા. એ જ રીતે નહેરુનું પણ ચલણ હતું.પરંતુ હાલમાં તમારે કેવી રીતે પ્રેક્ષકો અને જી હજુરીયાઓને એકઠા કરવા પડે છે તે રાજકારણીઓને ખબર છે.જાહેરસભાઓ સાચેજ નેતાઓની આબરુની પરખ હતી.અને હવે જનતા ભેગી કરવા માટે કેટલાં નાણાં ખર્ચાયા તેના પર આધારિત છે. ફરક રાજકારણીઓ અને રાજનીતિ બેઉમાં પડી ગયો છે.પણ હવે જાહેરમાં કોઇને કહેવાની હિમત બચી નથી.


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

જાહેરાત માટે સંપર્ક કરો
આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

ગ્લોરી કેટરીંગ સર્વીસ
આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો
ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ
સંપર્ક: એ એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૦૯૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


## લોકસભાની ચુંટણી માટે ભારતીય જનતા પાર્ટીએ સંકલ્પ જાહેર કર્યો : જેમાં જુના-નવા વચનોનું મિશ્રણ કરી લ્હાણી કરી

૨૦૧૪ની લોકસભાની ચુંટણી વખતે ભાજપે મતદારોને આપેલા વચનો જે ચુંટણી ઢંઢેરામાં વર્ણવા હતા તેમાંથી મોટાભાગના વચનો પરિપુર્ણ થયા નથી ત્યાં ૨૦૧૯ના ચુંટણી ઢંઢેરાને સંકલ્પમાં બદલીને જુના નવા વચનોની લ્હાણી કરી છે. કેન્દ્રમાં ફરીથી સત્તા મેળવવા માટે ભાજપે ફરીથી એક વાર મતદારોને પોતાના વચનો દોહરાવીને મત મેળવવા માટે આર્કષવા પ્રયત્ન જારી કર્યો છે.ગત વખતની જેમ આ વખતે પણ વચનોની લ્હાણી જ છે.લોકસભાના મતદાનના હવે ત્રણેક દિવસો બાકી છે ત્યારે હવે તેમને રામમંદિરની સ્થાપના યાદ આવી છે.મંદિરના નામે ભાજપ આજદિન સુધી દેશના મતદારોને ઝાંસા જ આપ્યા છે.હજુ સુધી મંદિરના નિર્માણનું કામ શરુ થઇ શક્યું નથી.આતંકવાદ સામે કડકાઇથી કામ લેવા માટેના વચનો આપ્યા છે પરંતુ રોજ રોજ આતંકીઓના હાથે દેશના જવાનો શહીદ થઇ રહ્યા છે.આગામી ત્રણ વર્ષમાં દેશના ખેડુતોની આવક બમણી કરવા માટે અને ૨૦૩૦ સુધીમાં ભારતને વિશ્વ માં ત્રીજા ક્રમનું સૌથી મોટું આર્થિક અર્થતંત્ર બનાવવા માટે નિર્ધાર જાહેર કર્યો છે. છેલ્લા ચાર વર્ષમાં અર્થતંત્રની જે હાલત કરી છે ત્યાર બાદ ૨૦૩૦માં પ્રગતિ કરી શકે તેવા દાવા બેબુનિયાદ છે છતાં તેમણે કર્યા છે.જમ્મુ-કાશ્મીરમાં ૩૭૦મી કલમ નાબુદ કરવાની જે ઘોષણા કરી છે તે માત્ર વચનોને જ આધારિત છે.

ભાજપ જે બાબત જણાવી રહ્યો છે તે ૨૦૩૦ થી ૨૦૪૭ સુધીમાં શું થશે તેવી આગાહીને આધારિત બાબતો છે.ભાજપ રાષ્ટ્રવાદની વાત જણાવે છે પરંતુ રાષ્ટ્રવાદની ફિલોસોફી અને પ્રેરણા માત્ર ભાષણો આધારિત છે.જો કે કોંગ્રેસના ચુંટણી ઢંઢેરામાં કેટલીક બાબતો અને ભાજપની કેટલીક બાબતો પર વિચાર કરવો જરુરી છે.

## આસામમાં ગૌમાંસ વેચવાનો આરોપ મુકીને વૃધ્ધને માર મારી સુવરનું માંસ ખવડાવ્યું

આસામમાં ગોમાંસ વેચતો હોવાના આરોપસર હિંસક ટોળાએ એક મુસ્લીમને માર મારીને સુવરનું માંસ ખાવાની ફરજ પાડી હતી.આસામના વિશ્વનાથ જિલ્લામાં ૬૮ વર્ષીય શૌકતઅલીને ગૌમાંસ વેચતો હોવાના આરોપસર સ્થાનિક લોકોએ ઘેરી લઇને માર માર્યો હતો.એટલુંજ નહી પ ણ ટોળાએ શૌકતઅલીને સુવરનું માંસ ખાવા માટે બળજબરીથી ફરજ પાડી હતી.પોલીસે આ ઘટનાના સંદર્ભમાં પાંચ વ્યક્તિની અટકાયત કરી હતી.

વિશ્વનાથ જિલ્લાની પોલીસે જણાવ્યુ હતું કે આ ઘટનામાં બે એફઆઇઆર નોંધવામાં આવી છે. એક એફઆઇઆર શૌકતના ભાઇ દ્વારા નોધાવવામાં આવી છે. આ ઘટનાનો એક વીડીયો પણ જારી થયો છે.

પોલીસે આ વિડીયોને આધારે આરોપીઓને ઝડપી લેવાની કાર્યવાહી શરુ કરી છે. વીડીયોમાં દેખાય છે તે પ્રમાણે ટોળાએ શૌકત અલીને માર મારતાં પુછ્યુ હતું કે શું તેની પાસે ગોમાંસ વેચવાનું લાઇસંન્સ છે કે તે બાંગ્લાદેશથી આવ્યો છે ?ટોળાએ મુસ્લીમને સુવરનું માંસ ખાવાની પણ ફરજ પાડી હતી.નજરે જોનારા લોકોએ જણાવ્યુ હતું કે કેટલાક સ્થાનિક લુખ્ખા તત્વો માર્કેટના વેપારીઓ પાસેથી ખંડોળ ઉઘરાવવા ગયા હતા. શૌકતઅલીને તેમને પૈસા આપવાની ના પાડી હતી લુખ્ખા તત્વોએ બદલો લેવા માટે તેના પર ગૌમાંસ વેચતો હોવાનો આરોપ મઢી દીધો હતો.

## પ્રથમ પાંચ દિવસમાં જ એચ વનબી વિઝા માટેનું ભરણું છલકાઇ ગયું !

અમેરિકાના સીટીઝન અને ઇમીગ્રેશન સર્વીસીસ વિભાગે જણાવ્યુ હતું કે અમેરિકી કોંગ્રેસ દ્વારા અપાયેલી પરવાનગી અનુસાર એચ-વનબી વિઝા માટે વર્ષ ૨૦૨૦ માટેની ૬૫૦૦૦ અરજીઓ અમને મળી ગઇ છે.આમ વિદેશી નાગરિકો માટે અમેરિકામાં કામ કરવા માટે સૌથી મોટી માંગ ધરાવતા એચ વનબી વિઝાનું ભરણું છલકાઇ ગયું છે. એચવનબી નોન ઇમીગ્રન્ટ વિઝા છે. જેના દ્વારા અમેરિકી કંપનીઓ વિદેશી કામદારોને પોતાને ત્યાં નોકરી પર રાખી શકે છે.અમેરિકી ટેકનોલોજી કંપનીઓ દર વર્ષે ભારત અને ચીનમાંથી હજારો કુશળ ઇજનેરોને નોકરી પર રાખે છે.

એચવનબી વિઝા મંજુર કરવાની કામગીરી સંભાળતા યુએસસીઆઇએસ વિભાગે જણાવ્યુ હતું કે અમને વર્ષ ૨૦૨૦ માટે સંસદે લાદેલી ૬૫૦૦૦ અરજીની મર્યાદા પ્રમાણેની અરજીઓ પ્રાપ્ત થઇ ગઇ છે. અમેરિકામાં નાણાકીય વર્ષની શરુઆત ૧ ઓક્ટો.૨૦૧૯થી શરુ થશે. યુએસસીઆઇએસે ૧ એપ્રીલથી અરજીઓ સ્વીકારવાનું શરુ કર્યુ હતું. જો કે તે પહેલાં પાંચ દિવસમાં કેટલી અરજીઓ પ્રાપ્ત થઇ છે તેનો આંકડો જાહેર કરાયો નથી. યુએસસીઆઇએસે જણાવ્યુ હતું કે હવે માસ્ટર કેપ તરીકે જાણીતા ૨૦૦૦૦ એચવનબી વિઝા યુએસ એડવાન્સ ડીગ્રી માટે પુરતા પ્રમાણમાં અરજીઓ મળી છે કે કેમ તે અંગેની જાહેરાત હવે પ છી કરાશે.એજન્સીએ કહ્યુ હતું કે મર્યાદા પુરી થયા પછી મળેલી તમામ નાપસંદ થયેલી અરજીઓને નકારી કઢાશે અને વિઝા ફી પરત કરાશે.અરજી મર્યાદામાંથી મુક્તિ મેળવનાર અરજીઓ સ્વીકારવાનું અને તેની પ્રક્રીયા જારી રખાશે. અગાઉ મર્યાદા ઉપરાતં જેમની ગણતરી કરવામાં આવી હતી તેવા હાલના એચવનબી વીઝા ધારકો માટે દાખલ કરાયેલી અરજીઓ અને જેમની પાસે હજુ તેમના કેપ નંબર છે તેમણે ૨૦૨ના વર્ષમાં મુક્તિ અપાઇ છે.એચવનબી વિઝા જારી કરવા માટે છેલ્લા કેટલાક વર્ષોથી કરાતો કોમ્પ્યુટર ડ્રો જારી રખાશે કે કેમ તે અંગેની સ્પષ્ટતા એજન્સી દ્વારા કરાઇ નથી.

ડેમન્ડની એક અમીરજાદી ૧૪૦ વર્ષ જીવી હતી.ત્રણ વખત પડી ગયેલા દાંત પાછા આવ્યા હતા.

ગ્રીસના તત્વજ્ઞાની ઝેનોએ, પોતાના સ્વમાન ખાતર બે દાંત વચ્ચે જીભ કાપી નાંખી, રાજા ઉપર ફેંકી હતી.


ડૉ.હેમેન્દ્ર જી. પરીખ
પી.જી.યોગા,ડીએચએમએસ
યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ
એક્સ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એક્સ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in

# વિપક્ષો વિરુધ્ધ સરકારી વિભાગોની કનડગત ખોટી રાજનીતિ છે : કોંગ્રેસ

કોંગ્રેસે કેન્દ્રની સત્તાધારી પાર્ટી દ્વારા વિપક્ષી નેતાઓ પર સરકારી આયકર વિભાગ, ચુંટણી આયોગ, ઈડી વિગેરેનો દુરપયોગ કરવા સામે આંગળી ચીંધી છે. જો કે નાણાંમંત્રી અરુણ જેટલીએ જણાવ્યુ હતું કે ચુંટણી આયોગ અને આયકર વિભાગ જેવી સંસ્થાઓ કાળાનાણાં ઉપર નજર રાખી રહી છે. આ તેમનું કામ છે તેને રાજકારણ સામે કોઇ લેવાદેવા નથી. તેઓ અમારી પાસે આવતાં નથી અને કોઇ પણ રિપોર્ટ આપતાં પણ નથી. કોંગ્રેસ શાસિત રાજ્યોમાં ભ્રષ્ટાચાર ચરમસીમા પર છે.

જ્યારે કોંગ્રેસ પ્રવક્તા નિલાભ શુકલાએ જણાવ્યુ હતું કે આર્દશ આચારસંહિતા ક્યાં છે ?કેન્દ્ર સરકાર આવકવેરા વિભાગના અધિકારીઓને કઠપુતળી બનાવીને કોંગ્રેસ સામે ઉપયોગ કરી રહી છે.જો કે નિષ્પક્ષ રીતે સરકારી અધિકારીઓ વર્તતા નથી.ચુંટણીમાં પોતાનો વિજય થાય અને ફરીથી સત્તા મળે માટે સત્તાધારી પક્ષ ગમે તેવા પગલાંને યોગ્ય ઠેરવે તેમાં લેશમાત્ર શંકા નથી.

# મધ્યપ્રદેશના મુખ્યમંત્રી કમલનાથ સાથે સંકળાયેલા લોકોના ૫૦ ઠેકાણે આઇટીના દરોડા પડાયા

આવકવેરા વિભાગે મધ્યપ્રદેશના મુખ્યમંત્રી કમલનાથની સાથે સંકળાયેલા લોકોના દિલ્હી,મધ્યપ્રદેશ અને પશ્ચિમ બંગાળ એમ ત્રણ રાજ્યોના ઓછામાં ઓછા ૫૦ ઠેકાણા પર દરોડા પાડ્યા હતા.આવકવેરાના અધિકારીઓના જણાવ્યા મુજબ આ દરોડામાં ૫૦૦થી વધુ અધિકારીઓનો કાફલો જોડાયો હતો.

દરોડામાં મદદ કરવા માટે કેન્દ્ર સરકારે મોકલેલ સીઆરપીએફ રાજ્યમાં મોકલવા માટે રાજ્યના ઈન્ટેલીજન્સ દ્વારા પુછવામાં આવેલ સવાલોમાં કેન્દ્રે રાજ્યના ઈન્ટેલીજન્સને મુર્ખ બનાવ્યું હતું.કેન્દ્રે જવાબ આપ્યો હતો કે ચુંટણી માટે તથા કેટલાક કાર્યોમાં સાથ આપવા માટે આ કાફલો આવે છે.ક્યા કાર્યમાં કોને સાથ આપવા આ ટુકડી આવે છે તેનો ખુલાસો કેન્દ્રે કર્યો નહોતો.સરકાર પોતાની નીતિમાં સ્પષ્ટ નથી એ વાત પરથી એમ દેખાય છે કે ક્યાંક ખોટુ કરવાની નિશાની છે.

કોંગ્રેસી નેતા દિગ્વિજયસિંહે કહ્યુ હતું કે મધ્યપ્રદેશમાં મામા અને મામીને ત્યાં દરોડા પાડો તો કેન્દ્રની સરકારને ખરી માનીએ કે તમે તમારી સત્તાનો દુરપયોગ કરતાં નથી.ચુંટણીઓમાં કાળા નાણાંનો હિસ્સો છે તેમાં કોઇ બેમત નથી. નાણાંની કોથળીઓ ખુલ્લી મુકીને જ ચુંટણીઓ જીતાય છે તે સત્ય છે પરંતુ તે સત્યને સ્વીકારવામાં સહુ કોઇને નાનમ લાગે છે.ચુંટણીઓમાં દરેક પ્રકારની રીતો અને નુસખાઓ અપનાવાય છે. ચુંટણી પંચ આવી બાબતોની તરફ આંખ આડા કાન કરે છે કારણકે તે પણ સરકારનુ એક અંગ છે.અને તે સરકારને જ વફાદાર છે.

# ચુંટણી પંચની નિષ્ક્રિયતા અંગે પુર્વ અમલદારોનો ગંભીર આરોપ

ચુંટણી પંચની નિષ્ક્રિયતા અંગે પુર્વ અમલદારોના એક સમુહે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદને પત્ર લખીને ચુંટણીપંચની નિષ્ક્રિયતા અંગે ફરિયાદ કરી છે.વાસ્તવમાં લોકસભા ચુંટણીના સંદર્ભે આચાર સંહિતાનાં ઉલ્લંઘનની અનેક ફરિયાદો ચુંટણી પંચ સમક્ષ થાય છે. પરંતુ ચુટણી પંચ દ્વારા આ અંગે કહેવા પુરતીજ કાર્યવાહી થતી હોય છે.આ આરોપમાં કહેવાયું છે કે ચુંટણી પંચની પારદર્શિતામાં લોકોને વિશ્વાસભંગ થશે તો તે આપણા લોકતંત્રના ભવિષ્ય માટે ગંભીર પરિણામો લાવી શકે છે.પુર્વ અમલદારોએ આ પત્રની નકલ મુખ્ય ચુંટણી કમિશ્નર અને અન્ય ચુંટણી કમિશ્નરને પણ મોકલી છે.જેમાં કહેવાયું છે કે ચુંટણી પંચ એવું વલણ દાખવે કે તેમાં તેની સ્વાયત્તતા, પારદર્શિતા અને કાર્યદક્ષતા સામે કોઇ સવાલો ન સર્જાય અને ભારતીય મતદાર કોઇ ભય અને તરફેણ વિના જ પોતાનો મત આપી શકે.

જેમણે ચુંટણી પંચની નિષ્ક્રિયતા બાબતે ગંભીર સવાલો ઊભા કર્યા છે તેમણે પ્રેકટીકલી ઊભી થયેલી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ચુંટણી પંચને આબાબતે જાણકારી આપી છે.૨૦૧૪ના લોકસભાની ચુંટીઓમાં ઇવીએમ મશીનનોન ગરબડ અંગે ઊભા થયેલા સવાલોનું નિરાકરણ લાવવાની જરુર છે.વિપક્ષોએ જે શંકાઓ ઊભી કરી છે તેને સ્વોલ કરવાની જરુર છે. નહિતર ચુંટણી પંચ તરફદારી કરનાર સંસ્થા છે તેવી મહોર વાગી જશે.

# અમેરિકામાં ગેરકાયદેસર રહેતા લોકોને અમેરિકાના પ્રમુખે સંદેશો આપતાં કહ્યુ કે અમારો દેશ ભરાઇ ગયો છે, પાછા જતા રહો



અમેરિકામાં ગેરકાયદેસર રહેતા લોકોને સંદેશો આપતાં અમેરિકાના પ્રમુખ મેકસિકોની સરહદ પર ગયા હતા અને કહ્યુ હતું કે અમેરિકામાં હવે બહારના લોકો માટે જગ્યા બચી નથી તેથી તેઓ પાછા જતા રહે. ૨૦૨૦માં આવનારી ચુંટણીની તૈયારી કરી રહેલા ટ્રમ્પે બીજા દેશોમાંથી આવીને ગેરકાયદે અમેરિકામાં વસતા લોકોનો મુદ્દો ઉઠાવ્યો છે. આ અમેરિકનોને ખટકતો મુદ્દો છે. મેકસિકો-અમેરિકાની બોર્ડર પર તહેનાત બોર્ડર પેટ્રોલ એજન્ટસને મળવા ગયેલા ટ્રમ્પે કહ્યુ હતું કે વિદેશથી આવતા લોકોને આપણે રોકવા પડશે.આની અવળી અસર આપણા ઈમીગ્રેશન પર પડે છે. અમે એવું નહી થવા દઈએ. આપણો દેશ અત્યારે ભરાઇ ચુક્યો છે.અમે તમને રાખી શકીએ તેમ નથી. ટ્રમ્પના આ ભાષણથી મેકસિકોની સરહદે રહેલા સેકડો લોકોએ દેખાવ કર્યા હતા. તેમણે ડાયપર પહેરેલા ટ્રમ્પનું બલુન બનાવ્યુ હતું. અને કહ્યુ હતું કે અમેરિકાએ પરિવારોને અલગ કરવાનું છોડી દેવું જોઇએ. જો તમે સરહદ પર દીવાલ બનાવશો તો અમારી આવતી પેઢી તેને તોડી પાડશે.

# ચુંટણી પંચની નિષ્ક્રિયતા અંગે પુર્વ અમલદારોનો ગંભીર આરોપ

ચુંટણી પંચની નિષ્ક્રિયતા અંગે પુર્વ અમલદારોના એક સમુહે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદને પત્ર લખીને ચુંટણીપંચની નિષ્ક્રિયતા અંગે ફરિયાદ કરી છે.વાસ્તવમાં લોકસભા ચુંટણીના સંદર્ભે આચાર સંહિતાનાં ઉલ્લંઘનની અનેક ફરિયાદો ચુંટણી પંચ સમક્ષ થાય છે. પરંતુ ચુટણી પંચ દ્વારા આ અંગે કહેવા પુરતીજ કાર્યવાહી થતી હોય છે.આ આરોપમાં કહેવાયું છે કે ચુંટણી પંચની પારદર્શિતામાં લોકોને વિશ્વાસભંગ થશે તો તે આપણા લોકતંત્રના ભવિષ્ય માટે ગંભીર પરિણામો લાવી શકે છે.પુર્વ અમલદારોએ આ પત્રની નકલ મુખ્ય ચુંટણી કમિશ્નર અને અન્ય ચુંટણી કમિશ્નરને પણ મોકલી છે.જેમાં કહેવાયું છે કે ચુંટણી પંચ એવું વલણ દાખવે કે તેમાં તેની સ્વાયત્તતા, પારદર્શિતા અને કાર્યદક્ષતા સામે કોઇ સવાલો ન સર્જાય અને ભારતીય મતદાર કોઇ ભય અને તરફેણ વિના જ પોતાનો મત આપી શકે.

જેમણે ચુંટણી પંચની નિષ્ક્રિયતા બાબતે ગંભીર સવાલો ઊભા કર્યા છે તેમણે પ્રેકટીકલી ઊભી થયેલી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ચુંટણી પંચને આબાબતે જાણકારી આપી છે.૨૦૧૪ના લોકસભાની ચુંટીઓમાં ઇવીએમ મશીનનોન ગરબડ અંગે ઊભા થયેલા સવાલોનું નિરાકરણ લાવવાની જરુર છે.વિપક્ષોએ જે શંકાઓ ઊભી કરી છે તેને સ્વોલ કરવાની જરુર છે. નહિતર ચુંટણી પંચ તરફદારી કરનાર સંસ્થા છે તેવી મહોર વાગી જશે.

ફ્રાંસના વિલિયમ પોસ્ટલના ૧૨૦ વર્ષની ઉંમરે મુછના વાળ કાળા હતા.યુનાનના વૈદ ગેલન ૧૪૦ વર્ષ જીવ્યા હતા.


## ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## વિનંતી



તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

## અમી સર્જીકલ

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧

,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૯૯

૯૮૨૪૩૬૨૪૯૨

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

## કેર કોમ્પ્યુટર સેન્ટર

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૯૯૦૭૨૮૮૧

# ભારત યુએસ પાસેથી ૧૦૦ ટકાથી વધુ જકાત વસુલે છે એ નહી ચલાવી લેવાય : ભારત 'સ્ટુપિડ ટ્રેડ' કરે છે : ટ્રમ્પ

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર અમેરિકી ચીજવસ્તુઓ પર જંગી જકાત લાદવાનો આક્ષેપ કર્યો છે. અને પોતાના અધિકારીઓને પણ જવાબી કાર્યવાહી કરવાનું કહી દીધું છે.એકજ અઠવાડીયામાં બીજી વખત આ મામલે આકરી ટકોર કરી છે અને તે ભારતીય ચીજોની નિકાસ માટે ચિંતાની બાબત બની શકે તેમ છે.ભારતને જંગી જકાત નાખનાર દેશોમાંથી એક હોવાનું જણાવતાં ટ્રમ્પે ભારત સાથે અમેરીકી વેપારને મુરખતાથી ભરેલો કારોબાર ગણાવ્યો હતો.કે ભારત ટેરીફ કિંગ છે અને તે અમેરિકી ચીજો પર જંગી જકાત વસુલે છે.

લાસ વેગાસમાં રિપબ્લીકન જેવિશ કોઓલિશનને સંબોધતાં ટ્રમ્પે કહ્યુ હતું કે ભારત અમારી પાસેથી જંગી જકાત લઈ રહ્યું છે. મહાન દેશ,પરમ મિત્ર વડાપ્રધાન મોદી અનેક ચીજો પર અમારી પાસેથી ૧૦૦ ટકાથી વધુ જકાત વસુલી રહ્યા છે.જ્યારે અમેરિકા એવી ચીજો પર ભારત પાસેથી કોઈ જકાત લેતું નથી. પોતાના પ્રવચનમાં તેમણે એ વાતનો પણ સંકેત આપ્યો હતો કે ભારત સામે જવાબી જકાત લાદવાનો તેમને સેનેટરોના વિરોધનો પણ સામનો કરવો પડી રહ્યો છે.ચીન પછી ભારત જ એકમાત્ર બીજો એવો દેશ છે જે અમેરિકાની ચીજો પર જંગી જકાત વસુલે છે.

ટ્રમ્પે આક્ષેપ કર્યો હતો કે ભારતે અમારી સામે સતત મુર્ખતાથી ભરેલો કારોબાર છેડી રાખ્યો છે અને ગેરકાયદેસર કારોબારી ગતિવિધિઓનો આશરો લઈ રહ્યો છે. ટ્રમ્પે સલાહ આપી હતી કે અમેરિકાએ પણ તેમની પાસેથી કંઈક લેવું જોઈએ કેમકે આતો ફ્રી ટ્રેડ નથી આ તો સ્ટુપીડ ટ્રેડ છે.

તેમણે અમેરિકા સાથે વેપાર અસમતુલા માટે વડાપ્રધાન મોદીને જવાબદાર ઠેરવ્યા હતા.ભારતની ટ્રેડ અને ટેરીફ પોલીસી પર નારાજગી વ્યક્ત કરતાં તેમણે ઉમેર્યું હતું કે અમારા સાંસદો કહે છે કે તમે આવું ન કરી શકો. આ મુક્ત વેપાર નથી. ઓ કોઈ મુક્ત વેપાર નથી.

પોતાના વરિષ્ટ અધિકારીઓને આ મામલે કાર્યવાહી કરવાની સુચના આપતાં ટ્રમ્પે કહ્યુ હતું કે કૃપા કરીને તમે આની પર કામ કરશો . આ મગજ બગાડે તેવું છે.અમે ઘણા મુર્ખતાપુર્ણ કારોબાર કરી રહ્યા છીએ.આ પ્રકારના કારોબારથી અમેરિકાને ઘણા વર્ષોથી વાર્ષિક ૮૦૦ અબજ ડોલરનું નુકશાન વેઠવું પડી રહ્યું છે.



ભારતે અમેરિકાના ડ્યુટી ફ્રી ટેરિફનો લાભ હેઠળ ૨૦૧૭માં અમેરિકામાં ૫.૬ અબજ ડોલરની ચીજોની નિકાસ કરી હતી.આમ અમેરિકા આ લાભો પાછ ન ખેચી લે તે માટે ભારત સતત પ્રયાસ કરી રહ્યું છે. જો ટ્રમ્પ જકાત માફી પાછી ખેચી લેશે તો ભારતને વાર્ષિક આશરે રુ.૪૦૦૦ કરોડના વેપારને ફટકો પડશે.વેપાર અંગેની ટ્રમ્પની ધમકીઓ પગલાંમાં ફેરવાઈ જાય છે તેમણે અન્ય દેશોની સાથે ભારતમાંથી નિકાસ થતી સ્ટીલ અને એલ્યુમિનિયમ પર અનુક્રમે ૨૫ ટકા અને ૧૦ ટકા જકાત લાદી હતી.

# કેટલાક ઉમેદવારો ચુંટણીઓમાં પોતાની માહિતી બદલતા રહે છે

મોદી સરકારમાં અનેક મહત્વના વિભાગોના પ્રધાન રહી ચુકેલા સ્મૃતિ ઈરાનીએ અમેઠી લોકસભા બેઠક પરથી ઉમેદવારી પત્રક ભરતા આ વખતે તેમણે ભરેલા સોગંદનામામાં તેમની મહત્તમ શૈક્ષણિક લાયકાતનો ઉલ્લેખ પણ કર્યો હતો.ચુંટણી ઉમેદવારીપત્ર ભરતાં રજુ કરેલા સોગંદનામામાં તેમણે સ્પષ્ટતા કરી છે કે તેમણે દિલ્હી યુની.માં પ્રથમ વર્ષ બેચરલ ઓફ કોમર્સ અર્થાત બી.કોમ માટે પરીક્ષા આપી હતી.પરંતુ ત્રણ વર્ષનો ડીગ્રી કોર્સ પુરો કર્યો નથી.

રસપ્રદ વાત એ છે કે સ્મૃતિ ઈરાનીએ શૈક્ષણિક લાયકાત વિષે મોટા વિવાદો થઈ ચુક્યા છે.તેમણે ૨૦૦૪ અને ૨૦૧૪માં લોકસભા ચુંટણી લડતી વેળાએ તેમની શૈક્ષણિક લાયકાત અંગે બે જુદા જૂદા દાવા કર્યા હતા.

૨૦૦૪માં દિલ્હી ચાંદની ચોક બેઠક પરથી ચુંટણી લડતા સ્મૃતિ ઈરાનીએ પોતાના સોગંદનામામાં જણાવ્યુ હતું કે તેઓ બી.એ. પાસ છે.જ્યારે ૨૦૧૪માં તેમણે અમેઠીમાંથી ઉમેદવારીપત્ર ભર્યું હતું ત્યારે તેમણે તેમની શૈક્ષણિક લાયકાત બી.કોમ દર્શાવી હતી.બંને સોગંદનામામાં અલગ અલગ શૈક્ષણિક લાયકાત ધરાવી હોવાના મુદ્દે મોટો વિવાદ સર્જાયો હતો.

# સફળતા અને સંઘર્ષને નજીકનો સબંધ છે

સફળતા કોને કહેવાય ? આમ તો દરેક વ્યક્તિની દષ્ટિએ સફળતાનો અર્થ જુદો જુદો હોઈ શકે. કોઈ તેને સંપત્તિ સાથે સાંકળી શકે તો કોઈ તેને સ્વાસ્થ સાથે સાંકળે તો કોઈ તેને અભ્યાસ સાથે કે સમાજમાં મળતા મોભા-પ્રતિષ્ઠા સાથે સાંકળી શકે. આમ છતાં સફળતા એ આંતરિક બાબત છે.જે બાબતને તમે પ્રાધાન્ય આપીને સફળતા ગણો છો તેને અન્ય વ્યક્તિ સફળતા ન પણ ગણે.પણ તે માટે આપણે આપણી પસંદગી કે રસ રુચિ બદલવાની જરુર નથી.તમને મજા આવતી હોય , સંતોષ મળતો હોય અને સમાજ તેને સહર્ષ સ્વીકારતો હોય તેવી દરેક બાબતમાં આગળ વધો, એ જ તમારી સફળતા છે.

તમારી શક્તિ અને મર્યાદાને જાણો. વ્યવહારિક બનો. એટલે કે વાસ્તવિકતાનો સ્વીકાર કરો. તમને જે મળ્યું છે તે છે અને નથી તે નથી.તેનો સ્વીકાર કરો અને મહેનત કરવા મંડી પડો.પોતની બહેરી પત્ની માટે શ્રવણયંત્ર શોધવાનો અલેકઝાંડર ગ્રેહામ બેલે ખુબ પ્રયત્ન કર્યો હતો.તેઓશ્રવણયંત્ર ન શોધી શક્યા. હા, ટેલીફોનના સિધ્ધાંતો જરુર શોધી કાઢ્યા.આમ કરેલું ફોગટ જતું નથી.એન્ડ્રુ કારનેગ કહે છે, એક સામાન્ય વ્યક્તિ પોતાની શક્તિના ૨૫ ટકા જ કામ કરે છે.જેઓ ૫૦ ટકાથી વધુ શક્તિ ખર્ચે છે તેઓને જગત સલામ કરે છે.પરંતુ જેઓ ૧૦૦ ટકા શક્તિ ખર્ચે છે તેમને જગત આસમાનની બુલંદી પર બેસાડે છે.

સફળતા અને સંઘર્ષને નજીકનો સબંધ છે.બંને એકબીજાની સાથે ચાલે છે.જ્યાં સફળતા હોય ત્યાં સંઘર્ષ હોય અને સંઘર્ષ હોય ત્યાં સફળતા પણ આવે. તમે કહેવત સાંભળી હશે, ''શાંત દરિયો કદી કુશળ ખલાસી બનાવતો નથી.'' આમ સંઘર્ષ દ્વારા મળેલી સફળતા જ સંતોષ સાથે નિજાનંદ આપે છે. પ્રયત્ન વિના, પ્રાપ્ત થયેલ લક્ષ્ય ધાર્યો સંતોષ કે આનંદ આપી શકતા નથી.

ટોમ વોટસનના મતે જો તમારે સફળ થવું હોય તો નિષ્ફળતાનું પ્રમાણ બમણું કરી નાંખો. એટલે કે પ્રયત્નો વધારી દેવા જોઈએ.તેમાં ભલેને મોટા ભાગના પ્રયત્નો નિષ્ફળતામાં પરિણમે. લોકો સફળતાને જુએ છે.વધાવે છે,તે માટે થયેલ નિષ્ફળ પ્રયત્નોને કોઈ મહત્વ આપતું નથી.નિષ્ફળ થવાશે તેમ માનીને કશું જ ન કરનાર કરતાં, સતત નિષ્ફળ થનાર વ્યક્તિ પણ જો પોતાના પ્રયત્નો ચાલુ જ રાખતો હોય તો તે વધારે પ્રમાણિક અને વિશ્વાસુ ગણાય.

એક ખેડુતની વાડી જોઈને કોઈએ કહ્યું કે વાહ ભગવાને કેટલી સુંદર વાડી તને આપી છે.તારે ભગવાનનો આભાર માનવો જોઈએ. ત્યારે પેલા ખેડુતે કહેલું કે હા હું ભગવાનનો આભારી છું.પણ તમારે આ વાડી પાંચ વર્ષ પહેલાં જોવી જોઈતી હતી.જ્યારે તે માત્ર પ્રભુના ભરોસે હતી. અહીં અર્થઘટન એ કરવાનું કે ભગવાનને ભરોસે બધું ન છોડાય. આપણી મહેનત હોય તો જ સફળતા મળે. પ્રિન્સ લોમ્બાર્ડી જણાવે છે કે વિજયી બનવાની ઈચ્છા બધાને હોય છે, પણ એ માટે નક્કર યોજના બનાવી પુર્વ તૈયારી કરવા માટે ખુબ ઓછા લોકો તૈયાર થતા હોય છે.સફળતા મેળવવા માત્ર શૈક્ષણિક ડીગ્રી જ કામ આવતી નથી.સફળ વ્યક્તિઓમાંથી મોટા ભાગની વ્યક્તિ અભ્યાસમાં મોખરાનું સ્થાન ધરાવતી ન હતી.અરે, ઘણી વ્યક્તિઓ તો અભ્યાસમાં નાપાસ પણ થતી હતી. તો કેટલીક વ્યક્તિઓ તો અધવચ્ચેથી અભ્યાસ છોડી દીધેલ હતો. કેટલાંક ઉદાહરણો વાંચો. લકવાગ્રસ્ત વિલ્મા રુડોલ્ફ પોતાની તીવ્ર ઈચ્છાશક્તિ અને મહેનતને કારણે ૧૯૬૦માં ઓલિમ્પીકમાં સૌથી ઝડપી મહિલા તરીકે પ્રથમ આવી હતી.શૈલી માન બાળપણમાં લકવાગ્રસ્ત બની હતી. છતાં તરણવિદ્યા શીખી ૧૯૫૬ની મેલબોર્ન ખાતેની ઓલિમ્પીકમાં તેણે ત્રણ વિક્રમ સર્જ્યા હતા.હેની ફોર્ડ જ્યારે પોતાની જીવનની પ્રથમ કાર બનાવી ત્યારે તેઓ તેમાં રીવર્સ ગીયર નાંખવાનું ભુલી ગયા હતા.અને ૪૦માં વર્ષે નાદારી નોધાવી હતી.વીજળીનો દિવો શોધવામાં થોમસ આલ્વા એડીસનને સફળતા મળી એ પહેલાં ૧૦,૦૦૦ પ્રયોગ નિષ્ફળ નીવડ્યા હતા.સુપરસ્ટાર રજનીકાંત ૨૪માં વર્ષે બસ કંડકર હતો.બીલ ગેટસે પોતાનું યુની.નું શિક્ષણ પુરુ કર્યું નથી.સચિન તેંડુલકર ૧૦માં ધોરણની પરીક્ષામાં નાપાસ થયો હતો.આમ સફળતા માટે માત્ર શિક્ષણ જ ઉપયોગી નથી.તમને જેમાં રસ છે, તમને જે ગમે છે તે પુરા લગાવથી મન મુકીને કરો. તમે સફળ થશો જ, અંતે દોસ્તો એટલું યાદ રાખજો કે ,બધા બધું નથી બની શકતા અને બધા એ બધું બનવાની જરુર પણ નથી.

ડો. અશોક પટેલ(સૌ.)


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬



## કાર ભાડે મળશે



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**





## ★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.